

સ્વને જાણતાં કે પરને જાણતાં મારી જ્ઞાનપર્યાય મારા પોતાથી થઈ છે એમ અમે જાણીએ છીએ. જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાયકપણે જણાય છે, પરની પર્યાયપણે જણાતો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૬૮] * આત્મધર્મ * અંક-૧૨ વર્ષ-૫૫ વીર સં. ૨૫૨૫ જૂન-૧૯૯૯

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેણે આત્માને પરમાત્મા સાથે જોડ્યો નથી ને આવાગમન મટાડ્યું નથી, તેને ફોતરાં કૂટતાં ઘણો કાળ વીતી ગયો તોપણ તંદુલનો એકકેય દાણો હાથમાં ન આવ્યો. ૫૬૫. *(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૮૫)*

❀ હે ભવ્ય ! તું આગમના અભ્યાસને છોડીશ નહીં; તેમાં કહેલાં તત્ત્વોનો વારંવાર અભ્યાસ કરીને ટીપે ટીપે આત્માના અમૃતનું પાન કર્યા કરજે અને કર્મના ક્ષયને માટે દત્તચિત્ (સાવધાન) રહેજે. ૫૬૬.

*(શ્રી નેમીશ્વર–ભવ્યામૃત–શતક, શ્લોક–૩૧)*

❀ સમ્યગ્દર્શન અનંત ગુણરૂપી આત્મા પર શ્રદ્ધાન લાતા હૈ. જબ સમ્યગ્દર્શનકે પ્રતાપસે સૂક્ષ્મ અતીન્દ્રિય આત્માકા અનુભવ હોતા હૈ તબ કર્મોંકા ક્ષય હોતા હૈ. સમ્યગ્દર્શન આત્માકે અનંતાનંત પર્યાયોં પર વિશ્વાસ રખતા હૈ. ૫૬૭. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૧૯૬)*

❀ સંસાર, શરીર અને ભોગોથી જેનું મન વિરક્ત થયું છે તે જીવ આત્માને ધ્યાવતાં, તેની મહા વિસ્તૃત સંસારરૂપી વેલ છિન્નભિન્ન થઈ જાય છે. ૫૬૮. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૩૨)*

❀ આચાર્ય કોમળ સંબોધનથી કહે છે કે હે ભાઈ ! તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યોને એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, સર્વ પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિક મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તુરત જ છોડશે. ૫૬૯.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૩)*

❀ સંસારી જીવરાશિ મિથ્યાત્વ પરિણામને સર્વથા છોડો. છોડવાનો અવસર કયો ? તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી. ૫૭૦. *(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ–૨૨)*

❀ પરપરિચયથી આકુળતા છે, નિજપરિચયથી સુખશાંતિ છે, જિનદેવે આવો પરમાર્થ કહીને તે હિતનો સંકેત કર્યો છે. ૫૭૧.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન અનુભવદોહા નં.–૧૧)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૧૨
[૬૬૮]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
June
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# અસંખ્યપ્રદેશી લોકમાં અનંત દ્રવ્યોનો નિવાસ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારમાં વ્યવહાર-સમકિતનો વિષય ચાલે છે.

અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા નિશ્ચયસ્વરૂપે તો પરદ્રવ્યનો કર્તા નથી અને રાગનો પણ કર્તા નથી. આ આત્મા સિવાયના અનંત આત્માઓ અને અનંતાનંત પુદ્‌ગલદ્રવ્યો એ સૌ પોત-પોતાની અવસ્થાને કરે છે. આ આત્મા તેના કાર્યને કરતો નથી. પરંતુ જે તીવ્ર બહિરબુદ્ધિ જીવ છે તે એમ માને છે કે હું પરપદાર્થના કાર્ય કરું છું અને જે મંદ બહિરબુદ્ધિ જીવ છે તે રાગ-દ્વેષનો કર્તા પોતાને માને છે. જે, જીવના અસતિત્વમાં જ છે અને જીવે જ કરેલાં છે એવા વિકારની કર્તાબુદ્ધિ છે તે પણ મિથ્યાત્વના લક્ષણમાં જાય છે અંતરઆત્મબુદ્ધિ જીવ પરદ્રવ્યનો કે રાગાદિ વિકારીભાવનો કર્તા થતો નથી, તે તો પોતાના નિર્મળ જ્ઞાન, આનંદ આદિનો જ કર્તા થાય છે.

ખરેખર પરપદાર્થનું અસ્તિત્વ આત્માના અસ્તિત્વમાં નથી તેથી પરપદાર્થના કાર્યને તો અજ્ઞાનીજીવ પણ કરી શકતો નથી છતાં પરના કાર્યને પોતાનું કાર્ય માનવું તે તીવ્ર મિથ્યાત્વ છે. એક સમયમાત્ર પણ પરદ્રવ્યની અસ્તિ આ જીવની અસ્તિમાં આવતી નથી. છતાં પરને અને પોતાને એક માને છે તે તો તીવ્ર મિથ્યાત્વ જ છે.

હવે, વિકારનું હોવાપણું તો જીવની એક સમયની અવસ્થામાં છે પણ તેને

જીવનું સ્વરૂપ માની લેવું તે પણ મિથ્યાત્વ ભાવ છે. જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુના સ્વભાવમાં પરનો અભાવ છે તેમ વિકારનો પણ અભાવ છે.

અહીં જે પરનું હોવાપણું સિદ્ધ કરે છે તે ફક્ત વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષય તરીકે જાણવા અને માનવા માટે છે. બાકી નિશ્ચય-સમ્યગ્દર્શનના વિષયભૂત શુદ્ધસ્વરૂપ આત્મામાં પરનું કે વિકારનું હોવાપણું જ નથી તેમ તેનું કર્તાપણું પણ નથી પણ, અભેદસ્વરૂપની દૃષ્ટિ થવા છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટ થતી નથી ત્યાં સુધી જ્ઞાનીજીવ છ દ્રવ્ય, તેના ગુણ, પર્યાય આદિનું સ્વરૂપ જેમ છે તેમ જાણે છે અને શ્રદ્ધા કરે છે. તેનું નામ વ્યવહાર-સમકિત અથવા શુભરાગ છે.

આ ૨૪ મી ગાથામાં દરેક દ્રવ્યના કેટલા પ્રદેશ છે તે બતાવે છે. ભાવાર્થ :— જગતમાં ધર્મદ્રવ્ય તો એક જ છે તે અસંખ્યાતપ્રદેશી છે. અધર્મદ્રવ્ય પણ એક જ છે અને તે પણ અસંખ્યાતપ્રદેશી છે. જીવ અનંત છે અને તે એક એક જીવ અસંખ્યપ્રદેશી છે. આકાશદ્રવ્ય એક જ છે અને તે અનંતપ્રદેશી છે. પુદ્‌ગલ એક પ્રદેશથી લઈને અનંતપ્રદેશ સુધી હોય છે. પુદ્‌ગલ તેના ગલન-મિલન સ્વભાવના કારણે પોતાથી જ સ્કંધરૂપે થાય છે અને છૂટો પડે છે. પરમાણુ તો એકપ્રદેશી છે પણ તેમાં જેમ જેમ બીજા પરમાણુ મળતાં જાય તેમ તેમ પ્રદેશો વધતાં વધતાં મહાસ્કંધ અનંતપ્રદેશી થાય છે. આ દરેક દ્રવ્યનું પરિણમન તેના સ્વયંના કારણે થાય છે એમ ધર્મીએ વ્યવહારસમકિતના વિષયમાં જાણવું જોઈએ. આ દ્રવ્યોનું પરિણમન મારાથી થાય છે એમ જાણવાનું નથી. અનંતા રજકણો ભેગા થઈને પિંડરૂપ થાય છે એ પુદ્‌ગલનું પોતાનું કાર્ય છે અને એ પિંડમાંથી પરમાણુ છૂટાં પડે છે તે પણ તેનું જ કાર્ય છે. આત્મા તેના કાર્યને કરે છે એવું તો વ્યવહારશ્રદ્ધાના વિષયમાં પણ આવતું નથી.

પુદ્‌ગલ સિવાયના દ્રવ્યોમાં વિસ્તારરૂપ પ્રદેશ છે અને પુદ્‌ગલમાં સ્કંધરૂપ પ્રદેશ છે. પુદ્‌ગલના કથનમાં પ્રદેશ શબ્દથી પરમાણુ સમજવા, ક્ષેત્રના પ્રદેશ ન સમજવા. પુદ્‌ગલદ્રવ્ય લોકાકાશમાં જ છે અને લોકાકાશના પ્રદેશ તો અસંખ્ય જ છે જ્યારે સ્કંધમાં અનંતપ્રદેશ થાય છે તે અનંત પરમાણુના પ્રદેશ સમજવા, લોકના અનંતપ્રદેશ નહિ.

જેમ જેમ પરમાણુ બે-પાંચ-પચીસ–અનંત એમ વધતાં જાય છે તેમ તેમ પ્રદેશ વધતાં જાય છે. તે પરમાણુના કારણે વધે છે, આત્માના કારણે નહિ એમ જાણવું. પુદ્‌ગલના કાર્ય મારાથી થાય છે એવું તો વ્યવહાર-સમકિતમાં પણ માનવાનું નથી. પુદ્‌ગલાદિ છએ દ્રવ્યનું કાર્ય તે તે દ્રવ્યથી થાય છે, મારાથી નહિ એમ માનવું તે વ્યવહારશ્રદ્ધાનું કાર્ય છે.

હવે આમાં આદરવાયોગ્ય શું છે તે સારાંશરૂપે ટીકાકાર સમજાવે છે.

સૂત્રમાં શુદ્ધનિશ્ચયથી દ્રવ્યકર્મના અભાવથી આ જીવ અમૂર્તિક છે અને મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ-સંકલ્પ-વિકલ્પના અભાવથી શુદ્ધ છે, લોકાકાશપ્રમાણ અસંખ્ય-પ્રદેશવાળો છે એવો જે નિજ શુદ્ધાત્મા તે જ વીતરાગનિર્વિકલ્પ સમાધિદશામાં સાક્ષાત્ ઉપાદેય છે એમ જાણવું.

શુદ્ધ વસ્તુસ્વભાવથી જોઈએ તો જડકર્મોનો આત્મામાં અભાવ છે. પુદ્ગલ-જડ એવા આઠ પ્રકારના કર્મોનું અસ્તિત્વ જડમાં છે, જીવમાં તેનું અસ્તિત્વ નથી માટે આત્મા અત્યારે પણ અમૂર્તિક છે. આમ, દ્રવ્યકર્મોનો તો આત્મામાં અભાવ છે પણ ખરેખર તો પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ આદિ પણ આત્મસ્વભાવના હોવાપણામાં નથી, એ તો અજ્ઞાનીએ અજ્ઞાનથી પોતાની એક સમયની પર્યાયમાં ઊભા કરેલા ભાવ છે, તે વખતે પણ આત્મા પોતાના સ્વભાવથી શુદ્ધ છે. આવા આત્માને અંતરશ્રદ્ધામાં લેવો અને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

બીજાં પુદ્ગલ તો આત્મામાં નથી પણ કર્મરૂપે એકક્ષેત્રાવગાહે આવેલાં કર્મપુદ્ગલોનો પણ આત્મામાં અભાવ છે. વળી, પુણ્ય-પાપ મારા છે, શરીર મારું છે, એવી ભ્રાંતિ પણ જીવદ્રવ્યના અસ્તિત્વમાં નથી. કારણ કે પરનું લક્ષ કરવાથી જ એ ભ્રાંતિ ઊભી થાય છે. અંતરલક્ષમાં એવા ભાવ ઊભા જ થતાં નથી. માટે આત્માના કારણે એ ભાવ આવતાં નહિ હોવાથી તે આત્માનું કાર્ય નથી.

કર્મનું બંધાવું, કર્મનું સત્તામાં રહેવું, ઉદયમાં આવવું, સંક્રમણ થવું એ બધાં કર્મનાં કાર્ય કર્મના કારણે છે, કર્મમાં છે. તેમાં આત્માના અસ્તિત્વનો અભાવ છે. માટે આત્માને અમૂર્તિક કહ્યો છે અને પુણ્ય-પાપનું હોવાપણું આત્મામાં નહિ હોવાથી આત્માને શુદ્ધ કહ્યો છે.

અમૂર્તિક શુદ્ધ આત્માનો સ્વભાવ તો ચૈતન્ય આનંદકંદ છે. તેને પરના કાર્યનું કરવાપણું તો નથી પણ વિકારનું કરવાપણું પણ જીવના અસ્તિત્વમાં નથી. વસ્તુના હોવાપણામાં જે હોય તેને તો વસ્તુ કરે પણ વસ્તુના હોવાપણામાં નથી એવા પરપદાર્થોના કાર્યને એ શી રીતે કરે ! એને એમ લાગે કે હું પરના કાર્ય કરું છું પણ કરી શકતો નથી. આત્મા દાતણ શી રીતે કરે ! પાણી કેવી રીતે ભરે ! જેનું અસ્તિત્વ જીવમાં નથી તેને જીવ કરે શી રીતે ?

જીવની પર્યાયમાં વિકાર છે. આ પર્યાય ઉપર તેની જ્યાં સુધી દૃષ્ટિ છે ત્યાં

સુધી તે વિકારનો કર્તા થાય છે પણ શુદ્ધ જ્ઞાયકના હોવાપણામાં તો વિકલ્પનું અસ્તિત્વ જ નથી તેથી તે તેનો કર્તા પણ નથી. ભાઈ ! તારે તો તારા ચૈતન્યના હોવાપણામાં જે હોય તેને જ કરવાનું રહે છે. સ્ત્રી, પુત્ર, પરિવાર, ધનાદિ તો તારા હોવાપણામાં બિલકુલ નથી. તેને તું મારા કરીને કેમ માને છો ? તું માન્યતામાં પરને મારા માનીશ તોપણ એ તારા થઈ શકવાના નથી. માત્ર માન્યતામાં તું એને મારાં માની શકીશ પણ તારા ત્રિકાળી સ્વભાવમાં તો કોઈ આવી શકે તેમ નથી. વસ્તુના ત્રિકાળી સ્વભાવમાં કોઈ અન્યનું હોવાપણું પેસી શકતું નથી.

જ્યાં સુધી જીવની પર્યાયમાં વિકારનું અસ્તિત્વ છે તેનાં ઉપર જ તેની દૃષ્ટિ છે ત્યાં સુધી તે વિકારનો કર્તા થાય છે અને વિકારને પોતાના માને છે છતાં ત્રિકાળી સ્વભાવમાં તો વિકાર આવી શકતો જ નથી. વસ્તુ તો એકલી શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપે જ ત્રિકાળ રહેલી છે એવી દૃષ્ટિથી જોતાં વિકારની હયાતી જ નથી માટે આત્મા વિકાર વિનાનો શુદ્ધ છે. સમજાણું કાંઈ ! આમાં, તમારા સંચા વગેરે તો ક્યાંય દૂર રહી ગયા. તેનું અસ્તિત્વ તેનામાં છે એટલું માનવું, બાકી તેનું સ્વામી કે કર્તા ન થવું.

આમ (૧) કર્મના અભાવરૂપ અમૂર્તિક (૨) વિકારના અભાવરૂપ શુદ્ધ અને (૩) લોકાકાશ જેટલા અસંખ્યાત પ્રદેશવાળો નિજ આત્મા જ ઉપાદેય છે. પરની, કર્મની અને વિકલ્પની દૃષ્ટિ ગઈ અને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ થઈ તે કાળે આવો આત્મા ઉપાદેય છે. વીતરાગ નીર્વિકલ્પ સમાધિની પરિણતિકાળે જ આત્મામાં એકાગ્રતા થઈ શકે છે. જ્યાં સુધી પરદ્રવ્ય અને વિકાર ઉપર દૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ અને તેમાં એકાગ્રતા થઈ શકતી નથી.

અહો ! કેટલી સ્પષ્ટ વાત છે પણ એણે કોઈ દી દરકાર કરી નથી. પરદ્રવ્ય છે, વિકાર છે તેની અસ્તિનો સ્વીકાર કરવો પણ પોતાના દ્રવ્યસ્વભાવમાં તેનો અભાવ છે એમ માનવું.

હવે ૨૫મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે, જોકે લોકમાં વ્યવહારનયથી બધાં દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહેલાં છે તોપણ નિશ્ચયનયથી કોઈ દ્રવ્ય કોઈ અન્યદ્રવ્યમાં ભળી જતું નથી અને કોઈ પોતાના સ્વરૂપને છોડતું નથી. આમ, અસ્તિ-નાસ્તિ કરી છે.

लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ ।
एक्कहिँ मिलियई इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताई ॥२५॥

અર્થ :—હે જીવ ! આ સંસારમાં જે દ્રવ્ય કહેવામાં આવ્યા છે તે બધાં

લોકાકાશમાં સ્થિત છે, લોકાકાશ આધાર છે અને આ બધાં દ્રવ્યો આધેય છે. આ દ્રવ્યો એક ક્ષેત્રમાં રહે છે, એક ક્ષેત્રાવગાહી છે તોપણ નિશ્ચયનયથી દરેક દ્રવ્ય પોત પોતાના ગુણોમાં જ નિવાસ કરી રહ્યાં છે, પરદ્રવ્યમાં ભળતાં નથી.

અનાદિથી છએ દ્રવ્યો જગતમાં છે. કોઈ નવા તો થયાં નથી. લોકાકાશમાં સર્વ દ્રવ્યો રહેલાં છે તેથી લોકાકાશને આધાર કહેવાય છે અને દ્રવ્યોને આધેય કહેવાય છે પણ તે અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. ખરેખર દ્રવ્ય પોતાના ગુણોમાં રહે છે. વસ્તુને તેના પારિણામિકભાવથી જુઓ તો કોઈ વસ્તુએ પોતાના સ્વભાવને છોડ્યો નથી અને અન્યદ્રવ્યમાં મળી ગઈ નથી. અરે ! પુદ્ગલના રજકણે રજકણ ભિન્ન ભિન્ન છે. કોઈ એક-બીજામાં ભળતું નથી અને પોતાના સ્વભાવને છોડતું નથી. ત્રણકાળ ત્રણલોકમાં વસ્તુનો આવો સ્વભાવ જ છે.

આ શરીરને આત્મા કાંઈ આપે કે આત્મા શરીરમાંથી કાંઈ લઈ લે એમ કદી બનતું નથી કેમ કે વસ્તુની એવી મર્યાદા છે.

શ્રોતા :—આત્મા શરીરનો ઉપયોગ તો કરે છે ને !

પૂજ્ય ગુરુદેવ :—શેનો ઉપયોગ ! નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી પરસ્પર દ્રવ્યો ઉપકાર કરે છે એમ આગળ કહેશે પણ એ માત્ર ઉપચાર છે, ખરેખર કોઈ કોઈને ઉપકાર કરતું નથી.

ભાવાર્થ :—ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જોઈએ તો, દ્રવ્યો આધાર-આધેયભાવથી એકક્ષેત્રે સ્થિત છે તોપણ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિક-નયથી પરદ્રવ્યના મળવારૂપ સંકરદોષથી રહિત છે અને પોતપોતાના સામાન્ય તથા વિશેષગુણને દ્રવ્યો છોડતાં નથી.

હવે આમાં વિચાર કરો કે આત્મા પોતામાંથી કાઢીને બાયડી-છોકરાંને શું આપતો હશે ? તું તારા ગુણ-પર્યાયને છોડીને તેનામાં ગયો નથી અને તે પોતાના ગુણ-પર્યાયને છોડીને તારામાં આવ્યા નથી તો તે કોને દીધું અને શું લીધું ? માત્ર ભ્રમણા ઊભી કરે છે અને સાચું માની લીધું છે. જેમ, લીમડો કડવો છે તેથી લીમડો ખાનારને જ્ઞાનમાં લીમડો કડવો જ જણાય પણ જેને સર્પ કરડ્યો હોય તેને લીમડો મીઠો લાગે છે તેમ, શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ એ બધાં પર અને દુઃખના નિમિત્ત છે છતાં મિથ્યાત્વના ઝેરને લઈને મિથ્યાદૃષ્ટિને તે સુખના કારણ અને પોતાના લાગે છે.

ખરેખર તું તારી પર્યાયને છોડીને પરમાં જતો નથી કે પર તારી પર્યાયમાં આવતાં નથી તો તું તેને કેવી રીતે ભોગવી શકે ? દાળ-ભાત-શાક-લાડું કે હાડકાં-માંસનો સ્પર્શ થતાં તારામાં શું આવી જાય છે કે તને મીઠા લાગે છે ? તારા અસ્તિત્વમાં તેનું અસ્તિત્વ આવતું નથી અને તું તેના અસ્તિત્વમાં જતો નથી છતાં જાણે તેની મીઠાશ મારામાં આવે છે એમ તું ભ્રમણા ઊભી કરે છે.

કોઈપણ દ્રવ્ય પોતાના અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણો અને વિશેષ ગુણોને છોડતાં નથી. જીવમાં ચેતના, આનંદ આદિ ગુણો વિશેષ છે અને પુદ્‌ગલમાં સ્પર્શ, રસાદિ વિશેષ ગુણો છે તેને છોડીને દ્રવ્ય ક્યાંય જતું નથી. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્યો તો શુદ્ધ જ છે તે તો પોતાના ગુણોને છોડતાં જ નથી પણ જેના નિમિત્તે જીવ વિકાર કરે છે એવા પુદ્‌ગલદ્રવ્યના કાર્મણ વર્ગણાના સ્કંધો કે જે જીવની સાથે બંધાયેલા છે તે પણ પોતાના ગુણોને છોડીને જીવમાં ચાલ્યા જતાં નથી અને જીવ પણ પોતાના ગુણને છોડીને કર્મમાં જતો નથી છતાં અજ્ઞાનથી જીવ એમ માને છે કે પરને કારણે મને મજા આવે છે, પરથી મને જ્ઞાન થાય છે પણ અરે ભાઈ ! તારી મજા પરમાં ક્યાંથી આવી ગઈ ?

દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા અને દ્રવ્યો એક-બીજામાં મળતાં નથી. આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટ શિષ્ય પ્રશ્ન કરે છે કે હે ભગવન્ ! પરમાગમમાં લોકાકાશ તો અસંખ્યાતપ્રદેશી કહ્યો છે તો આ અસંખ્યાતપ્રદેશી લોકમાં અનંત જીવ કેવી રીતે સમાઈ શકે છે ? કેમ કે એક એક જીવને અસંખ્યાત પ્રદેશ છે અને એક એક જીવમાં અનંતાનંત પુદ્‌ગલ પરમાણુ કર્મ-નોકર્મરૂપમાં લાગેલાં છે અને તે સિવાય અનંતગુણા અન્યપુદ્‌ગલ રહે છે તો આ દ્રવ્યો અસંખ્યાતપ્રદેશી લોકમાં કેવી રીતે સમાઈ ગયા ? ક્ષેત્ર તો નાનું છે અને રહેનારા દ્રવ્યો અનંત છે. વળી પરસ્પર અડતાં નથી તો કેવી રીતે સમાય છે ?

શ્રીગુરુ આ પ્રશ્નનો ઉત્તર આપે છે...

આકાશદ્રવ્યમાં અવકાશદાન એટલે જગ્યા દેવાની શક્તિ છે તે કારણે બધાં દ્રવ્યો તેમાં સમાઈ જાય છે. જેમ, એક ગૂઢ નાગરસગુટિકામાં સો, હજાર, લાખ, સુવર્ણ સંખ્યા આવી જાય છે—હજાર ધાતુ નાંખીને બનાવેલા પિંડમાંથી નાની નાની ગોળીઓ બનાવી હોય તો તે દરેકમાં હજાર ધાતુ આવી જાય છે ને ! અથવા બીજું દૃષ્ટાંત લ્યો તો, એક દીવાના પ્રકાશમાં ઘણાં દીવાનો પ્રકાશ સમાઈ જાય છે—એક ઓરડામાં એક બલ્બનો પ્રકાશ હોય ત્યાં બીજા ગમે તેટલાં બલ્બ જલાવો તેનો પ્રકાશ ઓરડામાં

સમાય જાય છે અથવા રાખ ભરેલા એક ઘડામાં પાણીનો આખો ઘડો સમાઈ જાય છે-રાખમાં પાણી શોષાઈ જાય છે અથવા ઉંટડીના દૂધના ઘડામાં મધનો ઘડો સમાઈ જાય છે એવો એ દૂધનો મધને અવકાશ દેવાનો સ્વભાવ છે અથવા એક ભૂમિઘરમાં ઢોલ, ઘંટા આદિ ઘણાં વાંજિત્રોનો અવાજ સારી રીતે સમાઈ જાય છે. આમ, એક લોકાકાશમાં વિશિષ્ટ અવગાહનશક્તિના યોગથી અનંત જીવ અને અનંતાનંત પુદ્‌ગલ અવકાશ પામે છે—સમાય જાય છે તેમાં વિરોધ નથી.

જુઓ ! આ વ્યવહાર-સમકિતનો વિષય છે તેની શ્રદ્ધા કર્તવ્ય છે. આટલી પણ શ્રદ્ધાના જેને ઠેકાણા નથી તેને નિશ્ચય-સમકિત હોઈ શકે જ નહિ.

જીવોમાં પણ પરસ્પર અવગાહન આપવાની શક્તિ છે એવું કથન પરમાગમમાં કહ્યું છે **"एगणिगोद"** ઇત્યાદિ. તેનો અર્થ એ છે કે એક નિગોદિયાજીવના શરીરમાં સિદ્ધોની સંખ્યા કરતાં અનંતગુણા જીવ રહેલાં છે અને નિગોદિયાનું શરીર તો અંગુલના અસંખ્યાતમાં ભાગ જેવડું છે. તોપણ આવા સૂક્ષ્મ શરીરમાં અનંતજીવ સમાઈ જાય છે તો લોકાકાશમાં સમાય તેમાં ક્યાં આશ્ચર્ય છે ? અસંખ્યાતપ્રદેશી ક્ષેત્રમાં અનંતા જીવો સમાય એ વાત અજ્ઞાનીને બેસતી નથી. પણ ભાઈ ! એ સાથે તો રહ્યા છે પણ કોઈ કોઈમાં ભળ્યાં નથી. બધાં પોતપોતાના અનંતગુણોમાં રહેલાં છે એ નક્કી કરવું પડશે.

અનંતાનંત પુદ્‌ગલ લોકાકાશમાં સમાઈને રહે છે તેની **'ओगाढ'** ઇત્યાદિ ગાથા છે તેનો ભાવાર્થ એ છે કે આ લોક સર્વ ક્ષેત્રે સર્વ પ્રકારના પુદ્‌ગલ કાયોથી અવગાઢ ગાઢ ભરેલો છે. પુદ્‌ગલકાય અનંત છે વળી અનંત ભેદોવાળી છે, કોઈ સૂક્ષ્મ છે તો કોઈ બાદર છે. તે દરેકનું પરિણમન સ્વતંત્રપણે થયા કરે છે.

તાત્પર્ય એ છે કે બધાં દ્રવ્ય એક ક્ષેત્રાવગાહ રહે છે તોપણ શુદ્ધ નિશ્ચયથી જીવો કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ પોતાના સ્વરૂપને છોડતાં નથી, પુદ્‌ગલદ્રવ્ય પોતાના વર્ણાદિસ્વરૂપને છોડતાં નથી અને ધર્માદિ ચાર દ્રવ્ય પણ પોતપોતાના સ્વરૂપને છોડતાં નથી.

અરે ! નિગોદના સૂક્ષ્મ શરીરમાં રહેલાં અનંતા જીવોના શ્વાસ, આયુ, આહાર બધાનાં એક હોવા છતાં તે કોઈ જીવ પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડતાં નથી. ગુણો સૌના અલગ-અલગ છે. વળી કર્મ પણ સૌના અલગ છે અને તે કર્મપરમાણુ પોતાના સામાન્ય અને વિશેષ ગુણોને છોડીને અન્ય પરમાણુમાં ભળતા નથી. બધાં પરમાણુ પૃથક્-પૃથક્ રહે છે. જો તે પૃથક્ ન રહે તો અનંત ન રહે, એક થઈ જાય. પણ અનંત પરમાણુ છે તે પોતાની પૃથક્ સત્તાને સિદ્ધ કરે છે.

દરેક આત્મા પોતપોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા આદિ અનંતગુણોમાં બિરાજે છે. એક આત્મા બીજા આત્માને કામમાં આવતો નથી. કેમ કે કોઈ આત્મા પોતાના ગુણને છોડીને અન્યમાં જતો જ નથી. આવી વાત ચાલે છે આમાં તમારે વૃદ્ધાવસ્થામાં દીકરા-વહુ સેવા કરવામાં કામ લાગશે કે નહિ તે વિચારી લેવું.

લોકો તો એમ કહે કે સંઘર્યો સાપ પણ કામ લાગે. તેની માટે કથા છે તે પણ નાનપણમાં સાંભળેલી કે એક રાણી સવા લાખનો હાર બાજુમાં મૂકીને નહાવા બેઠી હતી ત્યાં સમળી નીકળી તે ચાંચમાં પકડીને હાર ઉપાડી ગઈ. ત્યાં આગળ જતાં કોઈ માણસે નળિયા ઉપર મરેલો સર્પ નાંખી રાખ્યો હતો તેને જોયો એટલે સમળીએ હાર ત્યાં મૂકી દીધો અને સર્પ ઉપાડીને ઉડી ગઈ એટલે મરેલો સર્પ સાચવી રાખ્યો હતો તો એ માણસને હાર મળી ગયો ને ! એમ લોભિયા માણસો ગપ્પા મારે...અરે, કદાચ હાર મળ્યો હોય તોપણ તે હારના રજકણથી આત્માને શું લાભ થાય ! હારના રજકણ પોતાના ગુણને છોડીને જીવમાં તો આવવાના નથી માટે કોણ કોને લાભ આપે અને કોણ લાભ લે...!!

આવું સાંભળશે તો કોઈ કોઈના નહિ રહે !! ભાઈ ! એ જ તો નક્કી કરવાનું છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું નથી. એ નહિ સમજાય ત્યાં સુધી વ્યવહાર-સમકિતનો વિષય પણ સાચો નહિ થાય. દરેક દ્રવ્ય પોતાના ગુણોને છોડીને કોઈના ક્ષેત્રમાં જઈને કોઈને કામમાં આવતા નથી. આવા સ્વતંત્ર અનંત દ્રવ્યો એક ક્ષેત્રે રહેલાં છે એ પ્રમાણે માનવું તે વ્યવહાર-સમકિત છે. જેની એક સમયની પર્યાયમાં આટલું બધું જાણવાની તાકાત છે તે જીવ પોતાના અખંડાનંદ એકરૂપ ગુણના પિંડની પ્રતીત અને અનુભવ કરે છે તેનું નામ નિશ્ચય-સમકિત છે.

હવે, આ છએ દ્રવ્યો એક ક્ષેત્રે હોવા છતાં સ્વતંત્ર છે એ વાત કર્યા પછી વ્યવહારનયથી જીવને તે પાંચેય દ્રવ્યો ઉપકાર કરે છે એમ કહે છે અને વળી તે જ જીવને નિશ્ચયથી તે દ્રવ્યો દુ:ખના કારણ છે એમ ૨૬મી ગાથામાં કહે છે.

एयइँ दव्वइं देहियहँ णिय-णिय कज्जु जणंति ।
चउ-गइ-दुक्ख सहंत जिय ते संसारु भमंति ॥२६॥

અર્થ :—આ દ્રવ્યો જીવોને જુદાં જુદાં કાર્યમાં નિમિત્ત થાય છે તેથી નરકાદિ ચારેય ગતિઓના દુ:ખોને સહન કરતો થકો જીવ સંસારમાં ભટકે છે.

ભાવાર્થ :—જે જીવને ઉપકાર કરે છે એવા આ દ્રવ્યોના કાર્યને બતાવે છે.

(૧) પુદ્ગલદ્રવ્ય :—તે, આત્મજ્ઞાનથી વિપરીત, વિભાવ પરિણામોમાં લીન થયેલા અજ્ઞાનીજીવોને, વ્યવહારનયથી શરીર, વચન, મન, શ્વાસોચ્છ્વાસ આ ચારેયની ઉત્પત્તિ કરે છે. અર્થાત્ મિથ્યાત્વ, અવ્રત, કષાય, રાગ-દ્વેષાદિ વિભાવ પરિણામના યોગથી જીવને પુદ્ગલ સાથે સંબંધ છે અને પુદ્ગલના સંબંધથી શરીર, મન, વચન અને શ્વાસોચ્છ્વાસની રચના થાય છે.

(૨) ધર્મદ્રવ્ય :—ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી તે જીવને ગતિમા સહાયી છે.

(૩) અધર્મદ્રવ્ય :—ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી તે જીવને ગતિપૂર્વક સ્થિતિમાં સહાયી છે.

(૪) આકાશદ્રવ્ય :—વ્યવહારનયથી તે જીવને અવકાશદાન આપે છે.

(૫) કાળદ્રવ્ય :—જીવને શુભાશુભપરિણામમાં સહાયી છે.

આમ, આ પાંચેય દ્રવ્ય જીવને સહકારી છે. તેની સહાય પામીને જીવ નિશ્ચય-વ્યવહારરત્નત્રયની ભાવનાથી રહિત–ભ્રષ્ટ થયેલો ચારેય ગતિઓના દુઃખને ભોગવતો સંસારમાં ભટકે છે. આ તાત્પર્ય થયું.

ભગવાન આત્મા સ્વભાવથી તો શુદ્ધ નિશ્ચય રત્નત્રય–શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું પોતે પોતાને દાન આપે એવો છે અને પોતે દાન લે એવા સ્વભાવવાળો છે તેનાથી ઉલટું, અજ્ઞાનદશામાં અજ્ઞાનીને શું થાય છે તે બતાવે છે. વિભાવપરિણામમાં લીન એવો તે, આત્માના જ્ઞાનાનંદનું દાન કરવાનું અને લેવાનું ચૂકીને વિભાવપરિણામમાં લીન થયો છે. જો આત્મા પોતાના અસ્તિત્વમાં દૃષ્ટિ કરે તો ખ્યાલ આવે કે, મારામાં તો મારા ગુણો જ રહેલાં છે, તેમાં વિકાર અને પરપદાર્થનો તો અભાવ છે. હું તો જાણવાનું કામ કરું એવો છું. જાણવાનું કામ થાય ત્યાં આનંદ સાથે જ આવે એવું મારું સ્વરૂપ છે. રાગના કામમાં આકુળતાનું કામ સાથે જ આવે છે, પરના કામ હું કરું છું એવા માન્યતારૂપ મિથ્યાત્વની સાથે દુઃખ પણ ઊભું થાય છે.

ભગવાન આત્મા તો આગળ કહ્યો તેવો અમૂર્ત અને શુદ્ધ છે. તેમાં દૃષ્ટિ કરે તો જ્ઞાન, આનંદ, શાંતિ, સુખનું દાન પોતાને મળે—સ્વરૂપની પર્યાયનું દાન થાય, વિકાર અને પરનું તેમાં અસ્તિત્વ નથી તેથી તે અંતરમાંથી ન આવે પણ આવા સ્વરૂપના અજ્ઞાનના કારણે શરીરાદિ પુદ્ગલદ્રવ્યોમાં અને વિભાવપરિણામમાં લીન થયેલો તે પોતાને દુઃખનું દાન આપે છે.

જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ નથી અને પુણ્ય-પાપના પરિણામ તે જ હું છું એમ માનીને વિભાવમાં લીન થયો છે તેથી તેને શરીર, મન, વચન આદિનો સંબંધ મળ્યા કરે છે. જ્ઞાનીને તો સ્વભાવમાં લીનતાથી શાંતિ અને આનંદની ઉત્પત્તિ થાય છે ત્યારે અજ્ઞાનીને વિભાવમાં લીનતાથી દુ:ખ ઉત્પન્ન થાય છે અને તેના ફળમાં શરીરાદિ નોકર્મની ઉત્પત્તિ થયા કરે છે.

જ્ઞાનીને આત્માના આનંદના દાનમાં કોઈ નિમિત્તોની અપેક્ષા નથી, સર્વ નિમિત્તોનો અભાવ છે. અજ્ઞાની પોતાને વિભાવનું દાન આપે છે. તેમાં આ પુદ્ગલાદિ દ્રવ્યોના નિમિત્તનો સદ્ભાવ છે. સુખનું કારણ તો આત્મા પોતે જ છે, તેમાં કોઈ અન્યનું નિમિત્ત નથી. પણ દુ:ખ પોતાનો સ્વભાવ નહિ હોવાથી તેમાં અન્ય નિમિત્તનો સદ્ભાવ હોય છે.

વિભાવમાં લીન થયા છે તે દુ:ખમાં લીન થયા છે તેને વ્યવહારનયથી શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસની ઉત્પત્તિ થાય છે. તે વિભાવ ક્યાં ક્યાં છે?–કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય, રાગ-દ્વેષ આદિ અનેક પ્રકારના વિભાવ છે તેના યોગથી જીવને પુદ્ગલનો સંયોગ થાય છે અને પુદ્ગલના સંયોગથી જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન થાય છે અને નવા નવા શરીર, મન, વચન, શ્વાસોચ્છ્વાસ આદિની ઉત્પત્તિ થાય છે. ગતિમાં ગમન થવામાં જીવને ધર્મદ્રવ્ય સહાયી છે અને ત્યાં જઈને દુ:ખમાં લીન થવામાં અધર્મદ્રવ્ય સહાયી થાય છે. જીવને ચારેય ગતિમાં અવકાશદાન દેનાર આકાશદ્રવ્ય છે અને વિભાવના પરિણમનમાં કાળદ્રવ્યનું નિમિત્ત છે.

આમ, વિભાવમાં લીન જીવ દુ:ખને સહતો થકો ચાર ગતિમાં ભટકે છે. તેમાં તેને પાંચેય દ્રવ્ય ઉપકાર કરે છે—નિમિત્ત થાય છે. જો પોતે સ્વભાવમાં દૃષ્ટિ કરીને તેમાં લીન થાય તો તેમાં કોઈ નિમિત્તની સહાયની જરૂર નથી. સ્વભાવ સ્વયં સુખસ્વરૂપ છે. [ક્રમશ:]

*

❀ જે પોતાને સુખી કરે તે જ મિત્ર છે અને જે દુ:ખી કરે તે શત્રુ એમ આબાલ-વૃદ્ધ સૌ કોઈ સમજે છે. મિત્ર થઈને પોતાને દુ:ખી કરવા (જે) મર્યા તે તો શત્રુવત્ ઠર્યા, તેમનો મરવાનો શોચ શો કરવો? —*શ્રી આત્માનુશાસન*

*

# મોક્ષનું મૂળ ભેદવિજ્ઞાન

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં.-૬૮)

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. સંવર દ્વારના આઠમા કળશમા અમૃચતંદ્રાચાર્ય ફરમાવે છે કે ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જવળ થાય છે, ભેદજ્ઞાનથી ધર્મ થાય છે. આ ભેદજ્ઞાન એટલે શું ? કે પુણ્ય-પાપના શુભાશુભ વિકલ્પરૂપ રાગથી પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ભિન્ન કરીને અનુભવવો તેનું નામ ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાનથી જ ધર્મની શરૂઆત થાય છે.

ભેદજ્ઞાનથી આત્માની ઉજવળતા બતાવવા બનારસીદાસજી ૯ મા પદ્યમા લખે છે કે

भेदग्यान साबू भयौ, समरस निरमल नीर ।
धोबी अंतर आतमा, धोवे निजगुन चीर ॥६॥

બહું ટૂંકી ભાષા ! સાબુ અને પાણી વડે ધોબી કપડાં ધોઈને સાફ કરે છે તેમ ભેદજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપી પાણી વડે અંતરાત્મા પોતાના ગુણરૂપી વસ્ત્રને ધોઈને સાફ કરે છે.

અંતરાત્મા કહો કે સમકિતી કહો એક જ છે. જેણે પોતાના શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માનો રાગથી ભિન્ન પડીને અનુભવ કર્યો છે તેને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. આત્માના અનુભવથી જ ધર્મની શરૂઆત થાય છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપને છોડીને, શરીર, વાણી, મન અને શુભાશુભરાગ કે જે પર છે, વિભાવ છે, દોષરૂપ ભાવ છે તેને પોતાના માને છે તે તો બહિરાત્મા મિથ્યાદષ્ટિ જીવ છે. કદાચિત્ બાહ્યથી તે સાધુ થયો હોય તોપણ અંતરંગમાં તો બહિરાત્મબુદ્ધિએ વર્તતો તે મિથ્યાદષ્ટિ જ છે, તે જૈન નથી.

નિજ શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાનો જાણીને, જે રાગથી પોતાના જ્ઞાનને ભિન્ન રાખે છે તેને સમ્યગ્દષ્ટિ-ધર્મી-અંતરાત્મા કહેવામાં આવે છે. તેનું સ્વરૂપ અહીં ધોબીની ઉપમા આપીને સમજાવ્યું છે કે ધર્મી ભેદજ્ઞાનરૂપી સાબુ વડે ક્રમે ક્રમે રાગને ભિન્ન પાડતાં જાય છે અને સમતારસથી રાગને કાઢી નાંખે છે. આમ, ધર્મી પોતાના જ્ઞાન-આનંદગુણરૂપી વસ્ત્રને ધૂએ છે તેમાં, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેયની વાત આવી જાય છે. ધર્મીને શુભ અને અશુભ બંને ભાવમાં સમભાવ

છે, બંનેથી વૈરાગ્ય છે, તેથી સમરસરૂપી નિર્મળ નીર વડે ધર્મી પોતાની પરિણતિમાંથી રાગ-દ્વેષના મેલને કાઢી નાંખે છે. તેનું જ નામ 'ભેદજ્ઞાન' અને ધર્મ છે.

દેહાદિ તો જડ માટી છે તેની સાથે તો ધર્મીને કાંઈ એકત્વ નથી. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ અને વિષય-કષાયાદિ અશુભભાવ ઊઠે છે તે બંને પ્રકારના ભાવ વિભાવે છે–વિકાર છે, તે બંનેને ભેદીને ભેદજ્ઞાની થયા છે એવા અંતરાત્મા પોતાના સમતારસમાં મલિન પરિણામને ધૂએ છે તેનું નામ સંવર છે. અનુવાદમાં લખ્યું છે–જુઓ ! સમ્યગ્દષ્ટિરૂપ ધોબી, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારૂપ નિર્મળ જળથી આત્મગુણરૂપ વસ્ત્રને સાફ કરે છે તે અંતરાત્મા છે.

હવે ૧૦ મા પદ્યમા ભેદવિજ્ઞાનની ક્રિયાના દૃષ્ટાંત આપે છે.

जैसे रससोधा रज सोधिकैं दरब काढै,
पावक कनक काढि दाहत उपलकौं ।
पंकके गरभमैं ज्यौं डारिये कतक फल,
नीर करै उज्जल नितारि डारै मलकौं ॥
दधिकौ मथैया मथि काढ़ै जैसे माखनकौं,
राजहंस जैसें दूध पीवै त्यागि जलकौं ।
तैसैं ग्यानवंत भेदग्यानकी सकति साधि,
वेदै निज संपत्ति उछेदै पर-दलकौं ॥१०॥

અર્થ :—જેવી રીતે ધૂળધોયો ધૂળ શોધીને સોનું-ચાંદી ગ્રહણ કરે છે, અગ્નિ ધાતુને ગાળીને સોનું જુદું પાડે છે, કાદવમાં નિર્મળી નાખવાથી તે પાણીને સાફ કરીને મેલ દૂર કરી દે છે, દહીંનું મંથન કરનાર દહીં મથીને માખણ કાઢી લે છે, હંસ દૂધ પી લે છે અને પાણી છોડી દે છે. તેવી જ રીતે જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી આત્મસંપદા ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષાદિ અથવા પુદ્ગલાદિ પરપદાર્થોને ત્યાગી દે છે.

ધૂળધોયા માણસો રજ, પીળી કટકી, પીત્તળ અને સોનું એ બધાંને તેના લક્ષણથી ભિન્નભિન્ન ઓળખે છે તેથી એ રજમાંથી સોનાને જુદું પાડી લે છે. સોનાનું વજન, ચીકાશ, પીળાશ આદિ પીત્તળ અને બંગડીના ઝીણા કટકાથી જુદાં હોય છે તેને ઓળખીને ધૂળધોયા સોનાને જુદું તારવી લે છે તેમ, ધર્મી-જ્ઞાની જીવ શરીરની ક્રિયા, કર્મની ક્રિયા, રાગની ક્રિયા એ બધાંની વચ્ચેથી જ્ઞાનની ક્રિયા વડે પોતાને જુદો તારવી લે છે. દેહની ક્રિયા તો જડ છે, કર્મના ઉદયની ક્રિયાથી સંયોગ મળ્યા છે અને રાગ-દ્વેષ થાય છે એ પણ મારી ક્રિયા નથી. શુભાશુભ વિકલ્પ ઊઠે છે તેમાં અશુભ વિકલ્પ

તો બંગડીના પીળા ટુકડાં જેવા છે અને શુભવિકલ્પ પીત્તળના કટકા જેવા છે તે પણ સોનાની જાત નથી. મારા જ્ઞાન અને આનંદની ક્રિયા છે તે જ મારી છે એમ ધર્મી જ્ઞાન અને આનંદસ્વભાવનો રાગથી ભિન્ન પાડીને અનુભવ કરે છે.

આ તો બનારસીદાસજીએ ભેદજ્ઞાનીની ક્રિયાને ઓળખવા માટે સુંદર દૃષ્ટાંત આપ્યા છે. ભેદજ્ઞાની ધર્મી જીવ શરીર અને રાગની ક્રિયાથી ભિન્ન પોતાના સ્વરૂપને ઓળખીને આનંદ અને જ્ઞાનની ક્રિયાનો અનુભવ કરે છે અને રાગાદિ ક્રિયાને દૂર કરે છે. અજ્ઞાનીને આવું ભેદજ્ઞાન કરવું આકરું લાગે છે પણ તે આકરું નથી–કઠણ નથી. તું ચૈતન્યપ્રકાશનું પૂર છો પ્રભુ ! તારી ક્રિયા તારામાં જ છે. જ્ઞાનસ્વભાવ એ તારી ચીજ છે, શુભાશુભ વિકલ્પ એ તારી ચીજ નથી. માટે, રજધોયાની જેમ તું પણ શરીરની અને રાગની ક્રિયાથી તારી જ્ઞાનક્રિયાને જુદી ઓળખીને રાગને જુદો પાડી દે અને જ્ઞાન અને શાંતિનો અનુભવ કર !

આ તો દુનિયાથી જુદી જાતની વાત છે !

બીજું દૃષ્ટાંત...જેમ અગ્નિ અન્ય ધાતુને ગાળી નાંખે છે અને સોનાને જુદું પાડી દે છે તેમ ધર્મી પોતાની જ્ઞાનાગ્નિ વડે રાગાદિ અશુદ્ધિને બાળી નાંખે છે અને શુદ્ધ જ્ઞાનને જુદું પાડી દે છે. આમ, ધર્મી આનંદ અને જ્ઞાનરૂપ નિજસંપત્તિને વેદે છે અને उछेदे पर दलकौं—પુણ્ય-પાપના વિકલ્પનો ઉચ્છેદ કરી નાંખે છે.

જુઓ ! આ ધર્મીની ભેદજ્ઞાનની ક્રિયા ! !

ત્રીજુ દૃષ્ટાંત...કાદવવાળા પાણીમાં જેમ, નિર્મળી ઔષધિ નાંખવાથી કાદવ નીતરી જાય છે અને પાણી સાફ થઈ જાય છે તેમ, ધર્મીજીવ ભલે નારકીના શરીરમાં હો, સ્ત્રી હો કે પુરુષ હો પણ પરથી પોતાના સ્વરૂપને જુદું જાણીને રાગને દૂર કરે છે અને પોતાના સ્વરૂપને સાધે છે. કેવી રીતે ?—પોતાના નિર્મળ સ્વભાવની દૃષ્ટિ કરીને નિર્મળતાને અનુભવે છે અને રાગાદિ મલિનતાને નીતારી નાંખે છે–દૂર કરે છે.

ચોથું દૃષ્ટાંત....दधिके मथैया मथि काढैं जैसे माखनकौं—જેમ, દહીંનું મંથન કરીને મથૈયા માખણ કાઢી લે છે અને છાશને દૂર કરે છે તેમ, ધર્મી રાગથી ભિન્ન પડવાની મંથન ક્રિયાથી પોતાના શુદ્ધસ્વરૂપ રૂપ માખણને જુદું તારવી લે છે અને રાગાદિરૂપ છાશને છોડી દે છે.

પાંચમું દૃષ્ટાંત....જેમ દૂધ અને પાણી એકસાથે હોવા છતાં રાજહંસ દૂધ પી લે છે અને પાણીને છોડી દે છે તેમ, ग्यानवंत भेदग्यानकी सकति साधि, वेदैं निज

संपत्ति उछेदै पर-दलकौं ॥ ધર્મી જ્ઞાનનો અનુભવ કરે છે અને રાગને છોડી દે છે.

આજે ભગવાનના જન્મદિવસે પાંચ તો દૃષ્ટાંત આપ્યાં. ભાઈ! ભગવાન! તું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો. તારી ક્રિયા તો રાગથી ભિન્ન જ્ઞાન અને આનંદ એ તારી ક્રિયા છે એમ, ભગવાન મહાવીરે કેવળજ્ઞાનમાં જાણ્યું છે અને દિવ્યધ્વનિમાં કહ્યુંછે.

જ્ઞાનીઓ ભેદવિજ્ઞાનના બળથી નિજ આત્મસંપદાને ગ્રહણ કરે છે અને રાગ-દ્વેષ આદિ તથા પુદ્‌ગલાદિ પરપદાર્થોને છોડી દે છે. શુભાશુભ વિકલ્પ એ જીવનો સ્વભાવ નહિ હોવાથી પુદ્‌ગલ છે તેને ધર્મી છોડે છે. અહીં તો આનંદરૂપ નિજસંપત્તિને વેદે અને અનાત્મા એવા રાગાદિનાં અનુભવને છોડી દે તે આત્મા છે.

શ્રોતા :—આપ તો અમને બધાંથી છૂટા પડાવો છો?

પૂજ્ય ગુરુદેવ :—છૂટા છો માટે છૂટા પડી શકો છો. છૂટા ન હો તો છૂટા પડી ન શકો. જીવને રાગાદિ મલિનતાથી ભિન્ન શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરાવવા માટે અહીં પાંચ તો દૃષ્ટાંત આપ્યાં–ધૂળધોયાનું, અગ્નિનું, નિર્મળી ઔષધિનું, દહીંના મંથનનું અને રાજહંસનું. પ્રભુ! તારું ચૈતન્યદળ, આનંદસ્વરૂપ છે. શરીર તો જડ થઈને રહ્યું છે, પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ થઈને રહ્યાં છે અને તું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ થઈને રહ્યો છો! માટે તું સ્વરૂપનો અનુભવ કર તો રાગ દૂર થઈ જશે. ઉપદેશમાં કથન એમ આવે કે રાગ દૂર કર! પણ રાગ દૂર થઈ જાય છે.

સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ત્રિલોકીનાથે આત્માને મહા મહિમાવંત કહ્યો છે તેની મહિમા સમજીને તેના આનંદને વેદવો અને રાગની મહિમા છોડી દેવી તેનું નામ ભેદજ્ઞાન છે. તેનાથી ધર્મ થાય છે. પૈસા મેળવવાથી કે દાનમાં દેવાથી ધર્મ થતો નથી.

પૈસા મારા છે હું પૈસા દાનમાં દઉં છું, તેનાથી મને ધર્મ થશે...એમ માનનાર તો મહા મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે.

તું આત્મા છો તો તારામાં કાંઈ શક્તિ છે કે નહિ! રાગ અને પુણ્ય-પાપમાં જ તારી શક્તિ છે? ભાઈ! તારી શક્તિ તો અનંત જ્ઞાન અને અનંત આનંદમય છે. તે શક્તિની સંભાળ કરવી અને રાગાદિની સંભાળ છોડી દેવી તેનું નામ ભેદજ્ઞાનરૂપી ધર્મ છે.

હવે ૧૧મા પદ્યમા બનારસીદાસ 'ભેદવિજ્ઞાનને મોક્ષનું મૂળ' કહે છે.

प्रगटि भेदविग्यान, आपगुन परगुन जानै ।
पर परनति परित्याग, सुद्ध अनुभौ थिति ठानै ॥

करि अनुभौ अभ्यास, सहज संवर परगासै ।
आस्त्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै ॥
छय करि विभाव समभाव भजि,
निरविकल्प निज पद गहै ॥
निर्मल विसुद्धि सासुत सुथिर,
परम अतीन्द्रिय सुख लहै ॥११॥

અહીં તો એકદમ માખણ છે.

અર્થ :—ભેદવિજ્ઞાન આત્માના અને પરદ્રવ્યોના ગુણોને સ્પષ્ટ જાણે છે, પરદ્રવ્યોમાંથી પોતાપણું છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર થાય છે અને તેનો અભ્યાસ કરીને સંવરને પ્રગટ કરે છે, આસ્રવદ્વારનો નિગ્રહ કરીને કર્મજનિત મહા અંધકાર નષ્ટ કરે છે. રાગ-દ્વેષ આદિ વિભાવ છોડીને સમતાભાવ ગ્રહે છે અને વિકલ્પરહિત પોતાનું પદ પ્રાપ્ત કરે છે તથા નિર્મળ, શુદ્ધ, અનંત, અચળ અને પરમ અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરે છે.

જેને શરીર, વાણી, મન, શુભ-અશુભભાવથી પોતાનો આત્મા ભિન્ન છે એવું ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે તે પોતાના ગુણ અને પરના ગુણને સ્પષ્ટ જાણે છે. ભેદવિજ્ઞાન વિના જીવને પોતાના કે પરના ગુણ જણાતા નથી. જ્ઞાની અવિરત સમ્યગ્દષ્ટિ હોય તોપણ એ પોતાના જ્ઞાન, આનંદ ગુણરૂપ સ્વભાવને જાણે છે અને રાગાદિ પરભાવ છે એમ જાણે છે. શરીર તો જડ છે માટે પરગુણ છે—પોતાનું નથી પણ શુભાશુભ રાગ પણ પરગુણ છે—જીવનો સ્વગુણ—સ્વભાવ નથી. અજ્ઞાનીને આ સમજવું ભારે પડે છે કેમ કે તેની નજર સ્વગુણ ઉપર પડી નથી અને નજર પડ્યા વિના આ સમજાય તેમ નથી. આત્મદષ્ટિવંત, ભેદવિજ્ઞાની પોતાના આત્મજ્ઞાનના બળથી આમ જાણે છે કે હું તો જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ છું. દયા, દાન, વ્રતાદિ વિકલ્પ મારા ગુણ નથી, એ તો પરગુણ છે.

આ તો નિશ્ચયની અધ્યાત્મની વાત છે તેમાં વ્યવહાર કાંઈ ન આવ્યો ?—આવ્યો ને ! વ્યવહારથી હું ભિન્ન છું એમ જાણીને દષ્ટિમાંથી વ્યવહારને છોડી દેવો અને સ્વભાવને ગ્રહણ કરવો. આ ભેદવિજ્ઞાન છે. દષ્ટિમાંથી વ્યવહારને છોડવો.

प्रगटे भेदविग्यान आपगुन परगुन जानै । રાગની મલિનતાથી નિર્મળાનંદ પ્રભુને જુદો જાણીને અનુભવવો તે ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન થતાં પોતાના ગુણ અને પરના ગુણ જાણવામાં આવે છે. પોતાની જ્ઞાન-આનંદની પરિણતિ તે નિજગુણ છે અને રાગાદિની પરિણતિ તે પરગુણ છે. જ્ઞાનીને પરપરિણતિનું લક્ષ છૂટીને, નિજ સ્વભાવનું

લક્ષ થયું છે તેથી પરપરિણતિનો ત્યાગ થયો છે એમ કહેવામાં આવે છે. પુણ્ય-પાપ ભાવનો અનુભવ તો મલિન છે. તેને છોડીને શુદ્ધ અનુભવમાં સ્થિર રહે—તેમાં એકાકાર થાય—ત્યાં દૃષ્ટિમાં એકાકાર થાય તો જન્મ-મરણ મટે, એ વિના વાતો કરવાથી જન્મ-મરણ મટે તેમ નથી.

લૌકિકમાં પણ કહેવત છે કે વાતો કર્યે વડા ન થાય. દાળ હોય, તેલ હોય, આવડત હોય અને વડાને તળે તો વડા થાય. જેમ તે ક્રિયા કરે તો વડા થાય તેમ રાગથી ભિન્ન પડે તો અનુભવ થાય; તેમાં આત્મા પ્રગટે અને જન્મ-મરણ ટળે.

રાગના પડદા પાછળ પવિત્ર સત્ ચિદાનંદપ્રભુ સિદ્ધ સમાન બિરાજે છે પણ તેની ઉપર નજર નથી તેથી તેની મહિમા આવી નથી. અધિકતા સમજાણી નથી. જે એકવાર રાગથી ભિન્ન પવિત્ર પ્રભુને દૃષ્ટિમાં લે છે તે તો પછી તેના શુદ્ધ અનુભવમાં જ સ્થિર થાય છે, રાગાદિને છોડીને શુદ્ધ ચૈતન્યદળમાં સ્થિરતા કરે છે. આનું નામ 'અભ્યાસ' છે. શાસ્ત્રનો અભ્યાસ તે અનુભવનો અભ્યાસ નથી. અતીન્દ્રિય આનંદના અભ્યાસથી સ્વાભાવિક ધર્મ—સંવર પ્રગટ થાય છે. બાકી, વ્રત કરવાથી કે જાત્રા કરવાથી, તપ કરવાથી ધર્મ પ્રગટ થતો નથી. ચૈતન્યના અભ્યાસથી જ ધર્મ પ્રગટ થાય છે. આ છોકરાઓ લૌકિક ભણતરની પરીક્ષા માટે કેટલી મહેનત કરે છે ! પણ, આત્માના અભ્યાસ માટે કોઈને સમય મળતો નથી...તો ક્યારે મરી જશે ત્યારે સમય મળશે ? માયાએ ચારે તરફ ઘેરો ઘાલ્યો છે ! !

પ્રભુ ! તું જ્ઞાનાનંદસ્વરૂપ ચીજ છો, તું જ્ઞાન, આનંદ અને શાંતિથી ખાલી નથી પણ તેં તારી ચીજ શું છે, તેમાં શું ભર્યું છે તેનો અભ્યાસ અનંતકાળમાં કદી કર્યો નથી. ધર્મના નામે પણ બાહ્યક્રિયા જ કરી છે. અનુભવનો અભ્યાસ ક્યારેય કર્યો નથી. અનુભવનો અભ્યાસ કરે તો સહજ સંવર—સ્વાભાવિક ધર્મદશા પ્રગટ થાય છે.

आस्रव द्वार निरोधि, करमधन तिमिर विनासै । પુણ્ય-પાપની લાગણીઓ ઊઠે છે તે વિકાર છે, આસ્રવ છે અને બંધનું કારણ છે. આવા આસ્રવદ્વારનો અનુભવના અભ્યાસથી નિરોધ થતાં કર્મજનિત મહા અંધકાર નષ્ટ થઈ જાય છે અને ચૈતન્યપ્રકાશ ઝળહળી ઊઠે છે.

આવા ચૈતન્યપ્રકાશથી અજ્ઞાત હોય અને જુવાન શરીર હોય, ચામડી જરા રૂપાળી હોય, પૈસાદાર હોય, કમાણી સારી હોય તેને તો જાણે હું પહોળો અને શેરી સાંકડી—એના જેવું મિથ્યા અભિમાન થઈ જાય છે. લોકો એમ કહે કે અમારા કુળમાં આ કરમી પાક્યો છે. હા, કર્મનો કરનાર એ કર્મી જ છે, ધર્મી નથી, અધર્મ કરનારો છે.

બાપુ ! તારી ચીજ તો કોઈ જુદી જ છે. અતીન્દ્રિય આનંદનો નાથ છે પણ એને ક્યાં ખબર છે ! જ્યાં ત્યાં સુખ માટે ફાંફાં મારે છે. ધર્મી થાય પછી તેને પણ સ્ત્રી, પુત્ર, રાજપાટ આદિ તો હોય છે પણ અંદરમાં તેનાથી પોતાને ભિન્નપણે અનુભવે છે, બહારથી સુખ માનતો નથી.

छय करि विभाव समभाव भजि निरविकल्प निज पद गहै। શુભાશુભ વિકલ્પનો પણ નાશ કરી ધર્મીજીવ નિજ સમભાવને ભજે છે. સ્વભાવમાં એકાગ્ર થઈને શાંતિ...શાંતિ નિર્દોષભાવને સેવે છે તે પોતાના નિર્વિકલ્પપદને પ્રાપ્ત કરે છે. અતીન્દ્રિય આનંદનો નાથ પોતે સુખથી સનાથ છે, દુઃખથી સનાથ નથી. નિજપદ નિર્વિકલ્પ છે–રાગ અને ભેદ વિનાનું છે. આઠ વર્ષની બાલિકા પણ જો ધર્મ પામે તો આવા નિજપદને પ્રાપ્ત કરે છે.

निर्मल विसुद्धि सासुत सुथिर परम अतीन्द्रिय सुख लहै । ભગવાન આત્મા કેવો છે ? કે સંસારના વિકલ્પોથી પાર અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પથી પણ પાર નિર્મળપ્રભુ છે. શુદ્ધ છે. તે ધર્મીને નિર્મળ અને શુદ્ધપણે અનુભવમાં આવે છે. વસ્તુ પોતે અનંત અતીન્દ્રિયસ્વરૂપ છે તેમ રાગથી ભિન્ન પડીને તેનો અનુભવ કરતાં પર્યાયમાં પણ આનંદની અનંતતા આવે છે. વળી આત્મા નિજસ્વરૂપથી ચળે નહિ તેવો અચળ છે તેમ તેની પર્યાયમાં પણ ચળે નહિ તેવો અચળ આનંદ પ્રાપ્ત થાય છે. આવો પરમ અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય તેનું નામ મુક્તિ અથવા મોક્ષમાર્ગનું ફળ છે.

આ છઠ્ઠો 'સંવર' અધિકાર પૂરો થયો તેનો સાર કહે છે.

પૂર્વ અધિકારમાં કહેતાં આવ્યા છીએ કે મિથ્યાત્વ જ આસ્રવ છે. શરીરની ક્રિયાથી મને લાભ થાય છે, રાગની ક્રિયાથી ધર્મ થાય છે, પરથી મને લાભ-નુકશાન થાય છે એવો જે મિથ્યાત્વભાવ છે તે જ અધર્મ અને આસ્રવ છે. અને આ આસ્રવ જ બંધનું કારણ છે. અહીં તો મિથ્યાત્વને જ આસ્રવ કહ્યો છે. મિથ્યાત્વ ગયા પછી અવ્રત, પ્રમાદ આદિનો આસ્રવ રહે છે પણ તેને ભિન્ન અનુભવતો હોવાથી તે મુખ્ય આસ્રવ નથી. મુખ્ય આસ્રવ તો વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ જ છે. તે જ સંસારમાં રખડવાનું કારણ છે. એક અંશ પણ રાગનો પોતાનો માનવો તે મિથ્યાત્વ છે—આસ્રવ છે—બંધનું કારણ છે. ધર્મના નામે પણ પુણ્યની ક્રિયા કરીને ધર્મ માને છે તે મિથ્યાત્વ જ છે.

મિથ્યાત્વ જ આસ્રવ છે એમ જોર આપ્યું છે. અનંત જ્ઞાનાનંદસ્વભાવના ભંડાર આત્માને અલ્પજ્ઞ માનવો, રાગસહિત માનવો, દેહવાળો અને કર્મવાળો માનવો તે મિથ્યાત્વ છે. આત્માને પોતાના સ્વભાવથી રહિત અને વિભાવથી સહિત માનવો તે

મિથ્યાત્વનું ઘોર પાપ છે. શુદ્ધ આનંદકંદ નિજાત્માને ભૂલીને દેહની ક્રિયા હું કરું છું. દેહ, વાણી, મન મારા છે. શુભાશુભભાવ મારા છે અને મને લાભદાયક છે એવા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવમાં ઘોર પાપ છે.

જે તારું નથી તેને પોતાનું માનવું તે વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વનો ઘોર અંધકાર છે—મહા પાપ છે માટે મિથ્યાત્વને જ મોટો આસ્રવ કહ્યો છે. આ આસ્રવનો નિરોધ તે સંવર છે—સમકિત છે. જ્ઞાન અને આનંદના ધામ ભગવાન આત્માને છોડીને બીજે ક્યાંય પણ જ્ઞાન અને આનંદ માનવો તે ઘોર મિથ્યાત્વ છે, તેનો નિરોધ કરવો તે ધર્મ અને સંવર છે.

વિચાર તો કર કે મારું સુખ તો મારામાં જ હોય ને ! મારું સુખ મારાથી દૂરની ચીજમાં ન હોય. અત્યારે લોકોને પૈસામાં સુખ લાગે છે એટલે પૈસાવાળાના વખાણ કરે. પૈસા હશે તો ધર્મ શાંતિથી થશે એમ કહે. પણ ભાઈ ! પ્રથમ તો જીવને પૈસાવાળો માનવો એ જ મિથ્યાત્વ છે. પૈસા તો જડ છે. આત્મા જડવાળો હોય ? આત્મા તો જ્ઞાન-આનંદવાળો હોય. તેને પૈસાવાળો માનવો એ મિથ્યાત્વ—મોટું પાપ છે.

અરે, લોકોને આ મૂળ પાપની ખબર નથી અને હિંસા, જૂઠું આદિને મોટા પાપ માની લીધાં છે. અંતરમાં સત્‌ને અસત્‌ માનવો એ મહા પાપ છે અને તેને રોકવું એ મોટો ધર્મ છે. વિપરીત અભિપ્રાય છોડીને, અવિપરીત અભિપ્રાયરૂપ સમ્યગ્દર્શન પ્રગટ કરવું—સ્વરૂપની રુચિ અને અનુભવ કરવો તે જ સંવર છે. સંવર એટલે અધર્મને રોકવો અને ધર્મ પ્રગટ કરવો. બાકી ક્રિયાકાંડથી તો ધૂળેય ધર્મ થતો નથી. પાંચ લાખની પૂંજી હોય તેમાંથી બે લાખ ધર્માદામાં ખર્ચી નાંખે તો લોકો તો ધર્માત્મા ગણીને વાહ—વાહ કરે પણ તેનાથી ધર્મ બિલકુલ ન થાય. પૈસા મારી વિચીક્ષણતાથી મળે છે એમ માનનારા તો મહા મૂઢ છે—પાપી છે. પૂર્વના પુણ્યનો ઉદય હોય તો પૈસાના રજકણ આવી મળે, તેમાં તારો કોઈ પુરુષાર્થ કામ લાગતો નથી અને તે પૈસા પણ તારા થઈને રહેવાના નથી, પૈસા તો જડ છે ને જડના જ થઈને રહેશે.

શ્રોતા :—પૈસાવાળા ઉપર ધોકા પડે છે !

પૂજ્ય ગુરુદેવ :—અહીં તો એટલું જ કહેવું છે કે પરવસ્તુ પરરૂપે છે અને સ્વવસ્તુ સ્વ-રૂપે છે. તેમાં પરને પોતારૂપે માનવા એ મહા મિથ્યાત્વનું પાપ છે અને પરને પરરૂપ અને સ્વને સ્વ-રૂપ જાણીને પરને દૃષ્ટિમાંથી છોડી દેવા તે સંવરરૂપ ધર્મ છે.

[ક્રમશઃ]

*

# રાજા દંડકની કથા

રાજા દશરથના પુત્ર શ્રી રામ લક્ષ્મણ, સીતા સાથે દક્ષિણ દિશાના સુમદ્ર તરફ ચાલ્યા. કેવા છે બંને ભાઈ! પરમસુખના ભોક્તા. તેઓએ નગર ગામથી ભરેલાં અનેક દેશોને ઓળંગીને વનમાં પ્રવેશ કર્યો. આવું સ્થાન જોઈને બંને ભાઈ કહેવા લાગ્યા કે આ સુંદર વન! આ સુંદર નદી! આમ કહીને વૃક્ષોની રમણીય છાંયામાં સીતા સહિત બેઠા. થોડીવાર ત્યાં બેસીને ત્યાંના રમણીય સ્થાનો જોઈને જળક્રીડા કરવા લાગ્યા. પછી રસોઈના સાધનો ને માટીના વાસણો બનાવ્યા. અત્યંત મીઠા પાકા ફળોનું ભોજન બનાવ્યું. સીતાએ વનના ધાન્યમાંથી સુગંધી આહાર તૈયાર કર્યો. ભોજનના સમયે બંને વીર મુનિના આગમનની અભિલાષાથી બહાર પડગાહન કરવા ઊભા રહ્યા. તે વખતે બે ચારણમુનિ પધાર્યા જેમના નામ સુગપ્તિ અને ગુપ્તિ હતા. તેમના શરીર જ્યોતિ-પટલથી સંયુક્ત હતાં. તેમના દર્શન કર્યાં. તેઓ મતિ શ્રુત અવધિ એ ત્રણ જ્ઞાનથી સંયુકત હતાં, મહાવ્રતના ધારક, પરમ તપસ્વી, કોઈપણ વસ્તુની અભિલાષાથી રહિત, નિર્મળ મનવાળા, માસોપવાસી, અત્યંત ધીરવીર, શુભ ચેષ્ટાના ધારક, ભવ્યને આનંદ આપનાર, શાસ્ત્રોક્ત આચાર સંયુક્ત એવા તે મુનિરાજ આહાર માટે પધાર્યા.

સીતાએ તેમને દૂરથી જોયા. અત્યંત હર્ષથી ઉભરાતી આંખે અને રોમાંચિત શરીરે તે પતિને કહેવા લાગી કે હે નાથ! હે નરશ્રેષ્ઠ! જુઓ! જુઓ! તપથી દુર્બળ બનેલ શરીરવાળા દિગમ્બર કલ્યાણરૂપ ચારણયુગલ પધાર્યા. ત્યારે રામે કહ્યું કે હે પ્રિયે! હે પંડીતે! ધન્ય છે તારા ભાગ્યને! તેં નિર્ગ્રંથ યુગલને જોયા જેમના દર્શનથી જનમજનમના પાપ ટળે છે, ભક્તિવંત પુરુષનું પરમ કલ્યાણ થાય છે.

રામે જ્યારે આમ કહ્યું ત્યારે સીતા કહેવા લાગ્યા કે એ આવ્યા! એ આવ્યા! તે જ વખતે બંને મુનિઓ રામની નજરે પડ્યા. જે જીવદયાના પાલક ઈર્યાસમિતિ સહિત સમાધાનરૂપ મનવાળા હતા. પછી શ્રી રામે સીતા સહિત સન્મુખ જઈ નમસ્કાર કરી અત્યંત શ્રદ્ધા ભક્તિ સહિત મુનિઓને આહારદાન કર્યું. વનની ગાયો ને ભેંસોનું દૂધ, પર્વત પરની દ્રાક્ષ, નાના પ્રકારના વનધાન્ય, સુંદર ઘીયુકત મિષ્ટાન ઈત્યાદિથી વિધિપૂર્વક મુનિઓને પારણું કરાવ્યું.

તે મુનિ ભોજનના સ્વાદની લોલુપતા રહિત નિરંતરાય આહાર કરવા લાગ્યા. જ્યારે રામે પોતાની સ્ત્રી સહિત ભક્તિથી આહારદાન કર્યું ત્યારે પંચાશ્ચર્ય થયા. જે સમયે મુનિઓને આહાર આપ્યો તે વખતે વનમાં એક ગીધ પક્ષી વૃક્ષ ઉપર બેઠું હતું. તેને અતિશય સંયુક્ત મુનિઓને જોઈને પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું કે કેટલાય ભવ પહેલાં હું મનુષ્ય હતો. મેં પ્રમાદથી ને અવિવેકથી મારો જન્મ નિષ્ફળ ગુમાવ્યો. મારા મહા પાપકર્મના વિચારથી હૃદયમાં

બળું છું. હવે મારા દુઃખ નિવારવા આ સાધુનું શરણ ગ્રહણ કરું. એ સર્વ સુખના દાતા છે.

આ પ્રમાણે પૂર્વભવના ચિંતવનથી પ્રથમ તો ઘણો શોક થયો, પછી સાધુના દર્શનથી તત્કાળ અત્યંત હર્ષ પામી પોતાની બંને પાંખ હલાવી આંસુ ભર્યા નેત્રે અત્યંત વિનયપૂર્વક વૃક્ષ ઉપરથી નીચે પડ્યું. પક્ષી ઘણું મોટું હોવાથી તેના પડવાના મોટા અવાજથી સીતાનું ચિત્ત વ્યાકુળ થયું. જુઓ, ગીધ પક્ષી મુનિઓના ચરણમાં ક્યાંથી આવીને પડ્યું. કઠોર અવાજ કરીને ઘણું રોક્યું પરંતુ તે પક્ષી મુનિઓના ચરણના પ્રક્ષાલનમાં આવીને પડ્યું. ચરણોદકના પ્રભાવથી ક્ષણમાત્રમાં તેનું શરીર રત્નોની રાશિ સમાન નાના પ્રકારના તેજથી મંડિત થઈ ગયું. પગ તો સુવર્ણની પ્રભા ધરવા લાગ્યા. બેય પાંખ વૈડ્યુર્યમણિ સમાન થઈ ગઈ. શરીર નાના પ્રકારના રત્નોની છબી બની ગયું. ચાંચ માણેક સમાન લાલ થઈ ગઈ. પછી તે પક્ષી અત્યંત હર્ષ પામ્યું. મધુર અવાજથી નૃત્ય કરવા તૈયાર થયું. દેવોના દુંદુભી સમાન જેનો અવાજ છે તે નેત્રોમાંથી આનંદના આંસુ વહાવતું શોભવા લાગ્યું. જેમ મોર મેઘના આગમનથી નૃત્ય કરે છે તેમ મુનિઓની આગળ નૃત્ય કરવા લાગ્યું.

મહામુનિ વિધિપૂર્વક પારણું કરીને વૈડ્યુર્યમણિ સમાન શીલા ઉપર બિરાજ્યા. પદ્મરાગમણિ સમાન છે નેત્ર જેનાં એવું પક્ષી પાંખ સંકોચીને મુનિઓના ચરણ સમીપ આગળ બેઠું ત્યારે શ્રી રામ ખીલેલાં કમળ જેવા નેત્રોથી પક્ષીને પ્રકાશરૂપ જોઈને પોતે ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સાધુઓના ચરણોને નમસ્કાર કરીને પૂછ્યું. કેવા છે સાધુ! અઠ્ઠાવીસ મૂળગુણ અને ચોરાશી લાખ ઉત્તરગુણ જેમના આભૂષણ છે. તેમને રામે વારંવાર પક્ષી તરફ જોતાં પૂછ્યું હે ભગવાન! આ પક્ષી પૂર્વ અવસ્થામાં અત્યંત કુરૂપ હતું તે ક્ષણમાત્રમાં સુવર્ણ ને રત્નોની મૂર્તિ સમાન બની ગયું. આ અશુદ્ધ એવા માંસનું ભક્ષણ કરનાર દુષ્ટ ગીધ પક્ષી આપના ચરણોની પાસે બેસીને અત્યંત શાંત થઈ ગયું તેનું કારણ શું?

ત્યારે સુગુપ્તિ નામના મુનિએ કહ્યું હે રાજન! પહેલાં આ સ્થળે સુંદર દંડક નામનો દેશ હતો. ત્યાં કુર્ણકુંડલ નામના અતી મનોહર નગરમાં આ પક્ષીનો જીવ દંડક નામનો રાજા હતો. તે પ્રતાપી પ્રચંડ પરાક્રમી જેણે શત્રુરૂપી કાંટાઓ ભાંગી નાખ્યા છે એવો મહામાની મોટી સેનાનો સ્વામી હતો. તે મૂઢે અધર્મની શ્રદ્ધાથી પાપરૂપ મિથ્યા શાસ્ત્રનું સેવન કર્યું. જેમ કોઈ ઘી મેળવવા પાણીને વલોવે તેવો એ પ્રયત્ન હતો. તેની સ્ત્રી દંડી જાતના સન્યાસીની ભક્ત હતી. સંન્યાસી પ્રત્યે રાણીને ઘણો અનુરાગ હતો. તેના સંગથી રાજા પણ તેના માર્ગે ચાલ્યો. સ્ત્રીઓને વશ થયેલો પુરુષ શું શું નથી કરતો?

એક દિવસ એ નગરની બહાર નીકળ્યો ત્યારે વનમાં કાયોત્સર્ગ કરીને ધ્યાનમાં બેઠેલાં એક મુનિને જોયા ત્યારે આ નિર્દય રાજાએ મુનિના ગળામાં એક મરેલો સાપ નાખ્યો. દંડક રાજા પાષાણ સમાન કઠોર હૃદયવાળો હતો. તે મુનિએ ધ્યાન ધરી મૌન રહી એવી પ્રતિજ્ઞા કરી કે જ્યાં

સુધી મારા ગળામાંથી સર્પ દૂર નહિ થાય ત્યાં સુધી હું હલનચલન રહિત યોગરૂપ જ રહીશ.

આ રીતે કેટલાક દિવસ પછી રાજા તે જ માર્ગે નીકળ્યો. તે પહેલાં કોઈ ભલા મનુષ્યે સર્પને દૂર કરીને મુનિ પાસે બેઠો હતો. રાજાએ તે મનુષ્યને પૂછ્યું કે મુનિના ગળામાંથી સર્પ કોણે કાઢ્યો અને ક્યારે કાઢ્યો? ત્યારે તે મનુષ્યે જવાબ દીધો કે હે નરેન્દ્ર! કોઈ નરકગામીએ ધ્યાનારુઢ મુનિના ગળામાં મરેલો સર્પ નાખ્યો હતો તે સર્પના સંયોગથી સાધુના શરીરમાં અનેક છીદ્રો થઈ ગયા હતા. તેમણે તો કોઈ ઉપાય કર્યો નહીં. આજે એ સર્પ મેં દૂર કર્યો છે. ત્યારે મુનિને શાંતસ્વરૂપ કષાયરહિત જાણીને રાજાએ પ્રણામ કર્યા. ત્યારથી તે મુનિઓની ભક્તિનો અનુરાગી થયો.

જ્યારે રાણીએ દંડીઓના મુખથી આ વૃતાંત સાંભળ્યું કે રાજા જૈન ધર્મના અનુરાગી થયા છે ત્યારે આ પાપીણીએ ક્રોધ કરીને મુનિઓને મારવાનો ઉપાય કર્યો. જે દુષ્ટ જીવ હોય છે તે પોતાના જીવનનો પ્રયત્ન છોડીને પણ બીજાનું અહિત કરતાં હોય છે. તે પાપીણીએ પોતાના ગુરુઓને કહ્યું કે તમે નિર્ગ્રંથ મુનિનું રૂપ લઈને મારા મહેલમાં આવો અને વિકાર ચેષ્ટા કરો. ત્યારે તેણે એ પ્રમાણે કર્યું.

રાજા આ વૃતાંત જાણીને મુનિઓ ઉપર ગુસ્સે થયો અને તેના મંત્રી વગેરે દુષ્ટ મિથ્યાદૃષ્ટિ કે જે સદા મુનિઓની નિંદા જ કરતાં તેમણે રાજાને ભરમાવ્યો. તે પાપી રાજાએ મુનિઓને ઘાણીમાં પીલવાની આજ્ઞા કરી અને આચાર્ય સહિત બધાં મુનિઓને ઘાણીમાં પીલી નાખ્યા. એક મુનિ બહાર ગયા હતા અને પાછા આવતા હતા તેને કોઈ દયાળુ વ્યક્તિએ કહ્યું કે પાપી રાજાએ અનેક મુનિઓને પીલી નાખ્યા છે તમે ત્યાં ન જાવ, તમારું શરીર ધર્મનું સાધન છે માટે તમારા શરીરની રક્ષા કરો.

આ સમાચાર સાંભળી મુનિસંઘના મરણના શોકથી જેમને દુઃખરૂપી શીલનો આઘાત લાગ્યો છે એવા એ મુનિ થોડીવાર વ્રજના સ્થંભ સમાન નિશ્ચળ થઈ ગયા પછી અસહ્ય દુઃખથી કલેશ પામ્યા. પછી એ મુનિરૂપ પર્વતની સમભાવરૂપ ગૂફામાંથી ક્રોધરૂપ કેસરીસિંહ નીકળ્યો, લાલ નેત્રો થયા, તપ્તાયમાન મુનિના આખા શરીરમાંથી પરસેવાના બુંદ ફુટી નીકળ્યા. પછી કાળ-અગ્નિ સમાન પ્રજ્વલીત અગ્નિનું પૂતળુ નીકળ્યું. ધરતી ને આકશ અગ્નિરૂપ થઈ ગયા. લોકો હાહાકાર કરતાં મરણ પામ્યાં. જેમ વાંસનું વન સળગે તેમ આખો દેશ ભસ્મ થઈ ગયો. ન રાજા બચ્યો, ન અંતઃપુર, ન પુર, ન ગ્રામ, ન પર્વત, ન નદી, ન વન, ન કોઈ પ્રાણી, દેશમાં કાંઈપણ બચ્યું નહિ.

મહાન જ્ઞાન-વૈરાગ્યના યોગથી ઘણા વખત પછી મુનિએ સમભાવરૂપ જે ધન ઉપાર્જ્યું હતું તે તત્કાળ ક્રોધરૂપ શત્રુએ હરી લીધું. દંડક દેશનો દંડક રાજા પાપના પ્રભાવથી નાશ પામ્યો અને દેશ પણ નાશ પામ્યો. હવે એ દંડક વન કહેવાય છે.

કેટલોક વખત સુધી અહીં ઘાંસ પણ ન ઊગ્યું. ઘણા કાળ પછી અહીં મુનિઓનો વિહાર થયો તેના પ્રભાવથી વૃક્ષાદિ થયા. સિંહ વાઘ અષ્ટાપદ આદિ અનેક જીવોથી ભરેલું અને જાતજાતના પક્ષીઓના અવાજથી ગૂંજતું આ વન દેવોને પણ ભય ઉપજાવે તેવું છે, વિદ્યાધરોની તો વાત જ શી કરવી?

તે રાજા દંડક પ્રબળ શક્તિવાળો હતો. મુનિહિંસાના મહા પાપથી નરક તિર્યંચ ગતિઓમાં ઘણો વખત ભટકીને આ ગીધ પક્ષી થયો છે. હવે તેના પાપકર્મની નિવૃતિ થઈ. અમને જોઈને તેના પૂર્વભવનું સ્મરણ થયું. આમ જાણી સંસાર-શરીર-ભોગથી વિરક્ત થઈ ધર્મમાં સાવધાન થયું.

બીજા જીવોના જે દૃષ્ટાંત છે તે પોતાને શાંતભાવની ઉત્પતિનું કારણ છે. આ પક્ષીને પોતાના પૂર્વભવની વિપરીત ચેષ્ટા યાદ આવી જાય છે તેથી તે કંપે છે. પક્ષી ઉપર દયા લાવીને મુનિ કહેવા લાગ્યા કે હે ભવ્ય! હવે તું ભય ન કર, જે સમયે જે થવાનું હોય છે તે થાય છે. રૂદન શા માટે કરે છે? હોનહાર મટાડવાને કોઈ સમર્થ નથી. હવે તું વિસામો મેળવીને સુખી થા. પશ્ચાત્તાપ છોડ. જો! ક્યાં આ વન અને ક્યાં સીતા સાથે શ્રી રામનું અહીં આવવું અને ક્યાં અમારો વનચર્યાનો અભિગ્રહ કે વનમાં શ્રાવકનો આહાર મળશે તો લેશું અને ક્યાં તારું અમને જોઈને પ્રતિબુદ્ધ થવું! કર્મોની ગતિ વિચિત્ર છે! કર્મોની વિચિત્રતાથી જગતની વિચિત્રતા છે.

પક્ષીને વૈરાગ્ય અર્થે સંસારના દુઃખોની કથા સંભળાવી. આ સાંભળીને પક્ષી ભવદુઃખથી ભયભીત થયું અને ધર્મગ્રહણની વાંછાથી વારંવાર અવાજ કરવા લાગ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે હે ભદ્ર! તું ભય ન પામ! શ્રાવકના વ્રત લે. જેથી કરી દુઃખની પરંપરા પ્રાપ્ત ન થાય. હવે તું શાંતભાવ ધારણ કર. આ પ્રમાણે મુનિએ આજ્ઞા કરી ત્યારે પક્ષીએ વારંવાર નમસ્કાર કરી મુનિ પાસે શ્રાવકના વ્રત ધારણ કર્યાં. સીતાએ જાણ્યું કે આ ઉત્તમ શ્રાવક થયો છે તેથી આનંદ પામી તેને પોતાના હાથે ખૂબ વહાલ કર્યું. તેને વિશ્વાસ ઉત્પન્ન કરી બંને મુનિઓએ કહ્યું કે આ પક્ષી તપસ્વી શાંત ચિત્તવાળું બન્યું છે હવે તે ક્યાં જશે? ગહનવનમાં અનેક ક્રૂર જીવો છે. આ સમ્યગ્દષ્ટિ પક્ષીની તમે સદા રક્ષા કરજો.

ગુરુના આ વચનો સાંભળીને તેને પાળવાની ઈચ્છાવાળી સીતાએ તેના ઉપર અનુગ્રહ કરીને રાખ્યું. રામ લક્ષ્મણે પણ તેને જિનધર્મી જાણી અત્યંત અનુરાગ કરવા લાગ્યા અને તેની જટા હેમ અને રત્નોની શોભાથી શોભતી હતી તેથી તેનું નામ જટાયું પાડ્યું. રામ સીતા લક્ષ્મણ જિનેન્દ્રભક્તિ કરતાં ત્યારે જટાયુ હર્ષિત થઈને નૃત્ય કરતું. (આ રીતે દંડક રાજાએ મુનિઓની હિંસાના મહા પાપથી નરક આદિના મહા દુઃખો ભોગવી મુનિઓના સમાગમથી ગીધ પક્ષી અવસ્થામાં ધર્મ પામી રામ-સીતાના સંગે આત્મસાધનામાં આગળ વધ્યું.)

*(મહાપુરાણમાંથી સારરૂપ)*

*

## વૈરાગ્ય સમાચાર—

દિલ્હીનિવાસી શ્રી સુખમાલજી જૈન (વર્ષ-૭૦) તા. ૨૨-૩-૯૯ના રોજ સોનગઢ મુકામે ત્રણ દિવસની બ્રેઈન હેમરેજની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લગભગ ૪૫ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા હતા. દર વર્ષે સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા. છેલ્લાં ૮ વર્ષથી સોનગઢમાં મકાન લઈને સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

ઉમરાળાનિવાસી વાઘરી શ્રી લવજીભાઈ બીજલભાઈના ધર્મપત્ની રૂડીબેન (વર્ષ-૬૦) તા. ૧૩-૫-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જ્ઞાતિએ વાઘરી હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશના પ્રતાપે તેઓને રાત્રિભોજન તથા કંદમૂળનો ત્યાગ હતો તેમજ હંમેશા જિનમંદિરે દર્શન-પૂજન અને શાસ્ત્રવાંચનનો નિયમ હતો.

વઢવાણનિવાસી શ્રી ચંદુલાલ જેઠાલાલ શાહ વૈશાખ વદ ૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વડોદરાનિવાસી (પાદરાવાળા) શ્રી ચીમનલાલભાઈ ફુલચંદભાઈ શાહ તા. ૧૧-૫-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી હાલ વિદ્યાવિહાર (ઘાટકોપર) સ્વ. અંબાલાલ કેશવલાલ ડગલીના ધર્મપત્ની કમળાબેન (વર્ષ-૮૫) તા. ૨૩-૫-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક વાણીનો લાભ લીધો હતો.

નાઈરોબી (કેન્યા) દિગંબર જૈન મુમુક્ષુમંડળના ખજાનચી (ટ્રિઝરર) શ્રી શાંતિલાલ દેવજી શાહ (વર્ષ-૭૦) તા. ૨૪-૫-૯૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે નાઈરોબીના મુમુક્ષુમંડળમાં ખજાનચી તરીકે ઘણા વર્ષો સુધી નિસ્પૃહભાવે સેવા આપી હતી. બેંગલોર-રાજાજીનગરની પંચકલ્યાણપ્રતિષ્ઠામાં તેઓ આવેલા અને તે વખતે તેમણે સોનગઢ આવીને દર્શન-શ્રવણનો લાભ લીધો હતો.

બોરીવલીનિવાસી શ્રી નટવરલાલ જેચંદભાઈ ગોસળીયા (--તે સ્વ. શ્રી છોટાલાલ મોહનલાલ કામદાર [અમદાવાદ]ના જમાઈ) (વર્ષ-૭૦) તા. ૨૭-૫-૯૯ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી નિવૃત્તિપૂર્વક સ્વાધ્યાય કરતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*

# HASMUKHBHAI P. VORA'S
# TOUR FOR STUDY / SWADHYAY ON JAINISM IN U.S.A.
## Schedule 1999

| S.N. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1 | Sun | June 27 | Kingston, PA | Jyotsnaben V. shah 570-287-7457 |
| 2 | Mon-Thu | June 28-July 1 | Washington, DC | Rajnibhai Gosalia 301-464-5947 |
| 3 | Fri-Mon | July 2 - July 5 | Philadelphia, PA | Jaina Convention 717-287-7457 |
| 4 | Tue-Fri | July 6 - July 9 | Houston, TX | Bharatiben Boradia 713-568-1756 |
| 5 | Sat-Tue | July 10-July13 | San Francisco, CA | Himmatbhai Dagli 510-745-7458 |
| 6 | Wed-Sun | July 14-July 18 | Kingston, PA Siddhachalam, NJ | Jyotsnaben V. Shah 570-287-7457 |
| 7 | Sun | July 18 | New York, NY Mumbai | |


Coordinator :—

**Hasmukhbhai M. Shah**

8721 Scrimshaw Drive,
New Port Richey, FL 34653. U.S.A.
Phone : 727/376-7290/7989
Fax : 727-843-8157


આ અંકથી આપનું આત્મધર્મ--વાર્ષિક લવાજમ પુરું થાય છે. આગામી જુલાઈ-૯૯ થી જૂન-૨૦૦૦ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તુરત મોકલી આપવું. વાર્ષિક લવાજમને બદલે રૂા. ૧૦૧=૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે–એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે. ૧૩૯.

* દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા ! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે. ૧૪૦.

* આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે ! રાગને તું ભૂલી જા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા ? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી ? આહાહા ! એકવાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૧૪૧.

ફોન નં. (૦૨૮૪૬) ૪૪૩૩૪ "આત્મધર્મ" Regd. No. G.BV. 10

## 卐 ધર્મનું કાર્ય તો પોતાના પુરુષાર્થથી થાય જ 卐

આખો દિવસ પાપના કાર્યો એટલાં કરે છે કે તેને આ સમજવા માટે અવકાશ નથી અને શરીરના રક્ષણ માટે આખો દિવસ તેમાં કાઢી નાંખે છે. આમ કરી નાખું....તેમ કરી નાખું એમ કર્યા કરે છે છતાંય કાર્ય તો જે થવાનું હોય એ જ થાય છે, તેનાથી કાંઈ થતું નથી અને આત્માના ધર્મનું કાર્ય તો પોતાના પુરુષાર્થથી થાય જ–એવું આ કામ છે–તેને કરતો નથી.

—*સમ્યક્‌રત્નાવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

356 SMT. KANTABEN M. AJMERA
PT. MALVIYA ROAD,
SITABWADI, AJMERA BHAVAN
NAGPUR-440012